# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-07-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. આદિજાતિ નાગરિકોના આરોગ્યની વધુ તંદુરસ્તી માટે ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય
2. રાજ્યની 9 નવી મહાનગરપાલિકાનું સીમાંકન જાહેર કરવામાં આવ્યું
3. આણંદ મહાનગરપાલિકાનું નામ "કરમસદ-આણંદ મહાનગરપાલિકા" કરવાના ઠરાવને રાજ્ય મંત્રીમંડળની મંજુરી
4. નુકસાનગ્રસ્ત રસ્તાઓ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે રાજ્ય સરકારની કડક કાર્યવાહી- નોટીસ સહિત દંડ ફટકારવામાં આવ્યો
5. રાજ્યમાં અકસ્માત પ્રભાવિત 82 સ્થળો પર ગયા વર્ષે એક પણ અકસ્માત થયો નથી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GENOME SEQUENCING PROJECT

આદિજાતિ નાગરિકોના આરોગ્યની વધુ તંદુરસ્તી માટે ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

ટ્રાઇબલ જિનોમ પ્રોજેક્ટ અંગે ગાંધીનગર ખાતે યોજાયેલા સંવાદમાં આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડીંડોરે જણાવ્યું કે, ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા આ પ્રોજેક્ટનું અમલીકરણ થશે, આ પ્રોજેક્ટના ભાગરૂપે રાજ્યના 17 જિલ્લાઓમાંથી વિવિધ આદિજાતિ સમુદાયમાંથી 2 હજાર વ્યક્તિઓનું જીનોમ સિક્વનસિંગ કરાશે. આ પ્રોજેક્ટના માધ્યમથી નૈસર્ગિક રોગ પ્રતિકારક શક્તિ, કેન્સર અને અન્ય વારસાગત રોગો જેવા કે સિકલ સેલ એનીમિયા, થેલેસેમિયા, વગેરેના જનીનિક ચિહ્નોની ઓળખ શક્ય બનશે.

. . . . . . . . . . .

# MNP DELIMITATION

રાજ્યની 9 નવી મહાનગરપાલિકાનું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. દરેક મહાનગરપાલિકામાં 13 વોર્ડ અને 52 બેઠક નિશ્ચિત કરવામાં આવી છે.

દરેક નવી મહાનગરપાલિકામાં આજુબાજુના વિસ્તારો ભેળવી દેવામાં આવ્યા છે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં 6 મહાનગર સાથે નવી 9 મહાનગરપાલિકાની પણ ચૂંટણી યોજાશે.

. . . . . . . . . . .

# ANAND-KARAMSAD MUNICIPAL

આણંદ મહાનગરપાલિકાના હવે "કરમસદ-આણંદ મહાનગરપાલિકા" તરીકે ઓળખાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવાયો.

આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આણંદ મહાનગરપાલિકાનું નામ બદલવા તથા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલના પૈતૃક ગામ કરમસદની આગવી ઓળખ જાળવી રાખવા ધારાસભ્યો, સંસદ સભ્યો, વિવિધ સંસ્થાઓ તેમજ સ્થાનિકો તરફથી વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી.

. . . . . . . . . . .

# BRIDGE CLOSED

પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, વિભાગના આલેખન વર્તુળના ઇજનેરો, પુલોના નિષ્ણાંત તેમજ વર્તુળ અને ક્ષેત્રિય કચેરીઓના અધિકારીઓ દ્વારા એક અઠવાડિયામાં એક હજાર ૪00થી વધુ નાના-મોટા પુલોનું નિરીક્ષણ કરાયું છે. જે પુલોમાં વધુ તપાસની જરૂર હોય એવા 133 પુલો સાવચેતીના ભાગરૂપે બંધ કરવામાં આવ્યા છે. આ પુલો પૈકી 20

પુલો તમામ વાહનો માટે, જ્યારે 113 પુલો ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યા છે.

(બાઈટ: ઋષિકેશ પટેલ, પ્રવકતામંત્રી)

રાજ્યમાં નર્મદા કેનાલ પર સ્થિત 2 હજાર 110 પુલોનું સઘન વિઝ્યુઅલ નિરીક્ષણ કરાયું. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અહેવાલ મુજબ, નિરીક્ષણમાં જોખમી જણાઈ આવેલા કુલ 5 પુલોને સંપૂર્ણપણે બંધ અને 4 પુલોને ભારે વાહનો માટે પ્રતિબંધિત કરાયા છે. જ્યારે 36 પુલોને તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સૂચનાઓ અપાઈ છે.

. . . . . . . . . . .

# GAMBHIRA BRIDGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં માર્ગ અને મકાન વિભાગની મહત્વની કામગીરીની સમીક્ષા કરાઇ. જે અંગેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગંભીરા બ્રિજના નવા વધારાના બ્રિજ માટે 212 કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

સામાન્ય સંજોગોમાં આવા પુલના કામો માટે 18 મહિનાની સમય મર્યાદા રાખવામાં આવતી હોય છે પરંતુ પ્રજાને વહેલી સુવિધા પ્રાપ્ત થાય તે માટે આગામી ચોમાસા પહેલાં એટલે કે 12 મહિનામાં કામગીરી પૂર્ણ કરવાની સૂચના મુખ્યમંત્રી દ્વારા આપવામાં આવી છે. જેના માટે આગામી 3 માસમાં વર્ક ઓર્ડર આપી કામ શરૂ કરાશે.

. . . . . . . . . . .

# ACTION AGAINST CONTRACTOR

નુકસાનગ્રસ્ત રસ્તાઓ અને ખાડાઓ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે રાજ્ય સરકારે કડક કાર્યવાહી કરી છે. ડિફેક્ટ લાયાબિલિટી પીરિયડ હેઠળના નુકસાનગ્રસ્ત રોડ-રસ્તાની મરામત કામગીરી સત્વરે અને સ્વખર્ચે પૂર્ણ કરવા સંબંધિત કોન્ટ્રાક્ટરોને નોટીસ પાઠવવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક કોન્ટ્રાક્ટરોને દંડ પણ કરવામાં આવ્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુઆર બેદરકારી દાખવનાર કોઈપણ કોન્ટ્રાક્ટરને છોડવામાં આવશે નહીં; તેમની સામે કાયદા મુજબ કડકમાં કડક કાર્યવાહી કરાશે. સુરત મહાનગરપાલિકા દ્વારા  9 અને વડોદરા મહાનગરપાલિકા દ્વારા 12 રોડ કોન્ટ્રાક્ટરોને નિયમાનુસાર દંડ ફટકારવામાં આવ્યો છે.

. . . . . . . . . . .

# GUJARAT ROAD SAFETY

ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળના પ્રયાસોથી રાજ્યમાં અકસ્માત પ્રભાવિત 82 બ્લેકસ્પોટ પર ગયા વર્ષે એક પણ અકસ્માત થયો નથી.  ગાંધીનગર ખાતે ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળની બેઠકમાં રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ મુજબ જણાવ્યું હતું. આ બેઠકમાં ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળે વિઝન-2030 હેઠળ

ગુજરાતનો આગામી પાંચ વર્ષનો રોડ સેફ્ટી એક્શન પ્લાન રજૂ કર્યો હતો. આ અંગે ગુજરાત માર્ગ સલામતી કમિશનર સતીશ પટેલે વધુ માહિતી આપી.

(બાઈટ : સતીશ પટેલ, માર્ગ સલામતી કમિશનર)

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

# CABINET-KRISHI YOJANA

કેન્દ્રીય મંત્રીમંડળે કૃષિ ઉત્પાદકતા વધારવા માટે પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ પાક વૈવિધ્યકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ વધારવાનો, લણણી પછીના

સંગ્રહમાં વધારો કરવાનો, સિંચાઈ સુવિધાઓમાં સુધારો કરવાનો અને ધિરાણની ઉપલબ્ધતાને સરળ બનાવવાનો છે.

મંત્રીમંડળની બેઠક પછી આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ દેશમાં 100 જિલ્લાઓની ઓળખ કરવામાં આવશે, જે ત્રણ મુખ્ય માપદંડો-ઓછી ઉત્પાદકતા, પાકની ઓછી તીવ્રતા અને ઓછી ધિરાણ વહેંચણી પર આધારિત હશે. તેમણે જણાવ્યું હતું કે, આ યોજનાનો અમલ અગિયાર વિભાગો અને રાજ્યની અન્ય યોજનાઓમાં હાલની 36 યોજનાઓના સમન્વય દ્વારા કરવામાં આવશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ યોજનાથી દેશના એક કરોડ 70 લાખ ખેડૂતોને મદદ મળશે.

દરમિયાન, કેન્દ્રીય મંત્રીમંડળે અવકાશયાત્રી શુભાંશુ શુક્લાની અવકાશયાત્રાનું સ્વાગત કરતો ઠરાવ પસાર કર્યો છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહીવત છે. હવામાન વિભાગના  જણાવ્યા અનુસાર છૂટોછવાયા સ્થળોએ સામાન્ય વરસાદ થઇ શકે છે. અત્યારે ટ્રફ લાઇન ઉત્તર ભારત તરફ આગળ વધી રહી છે. જેના કારણે ગુજરાતમાં ભારે વરસાદની કોઈ શક્યતા ન હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

(બાઈટ: ડૉ.એ.કે.દાસ-નિયામક, હવામાન વિભાગ)

. . . . . . . . . . .

# Average Seasonal Rainfall

સમગ્ર રાજ્યના 33 જિલ્લામાં મોસમનો કુલ સરેરાશ 51.09 % જેટલો વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ રીઝીયનમાં 85.46 % દક્ષિણ ગુજરાત રીઝીયનમાં 55.19 %, સૌરાષ્ટ્ર અને પૂર્વ મધ્ય વિસ્તારમાં 49.26% અને સૌથી ઓછો ઉત્તર ગુજરાતમાં 48.01% વરસાદ નોંધાયો છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો હાલનો પાણીનો સંગ્રહ 1,76,942 મિલિયન ક્યુબિક ફીટ છે. જે કુલ સંગ્રહ ક્ષમતાના 52.96% છે.

રાજ્યમાં કુલ ૨૦૬ ડેમો પૈકી 40 ડેમો હાઇએલર્ટમાં છે 24 ડેમો એલર્ટ મોડ પર છે 20 ડેમોને વોર્નિંગ આપવામાં આવી છે.

. . . . . . . . . . .

# World Snake Day

આજે વિશ્વ સર્પ દિવસ છે.ધૂડખર અભયારણ્ય દ્વારા ધ્રાંગધ્રા બ્રહ્માનંદ વિદ્યાલય ખાતે વિશ્વ સર્પ દિવસ ની ઉજવણી કરવામાં આવી..જેમાં ઝેરી તથા બિન ઝેરી સાપો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

ઉપરાંત જુદી જુદી અંધશ્રદ્ધા ઓથી જોડાયેલા લોકોને અંધશ્રદ્ધા ઓથી દૂર રહેવા સાપ કરડવાથી પ્રાથમિક સારવાર તેમજ તબીબી સારવાર અંગે

ઉપસ્થિત વન વિભાગના અધિકારીઓ તથા સર્પ ના જાણકારો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધ્રાંગધ્રા રેન્જ ફોરેસ્ટ ઓફિસર કુલદીપ ચૌહાણએ વધુ માહિતી આપી છે.

(બાઈટ- કુલદીપ ચૌહાણ-રેન્જ ફોરેસ્ટ ઓફિસર ધ્રાંગધ્રા રેન્જ ઘુડખર અભયારણ્ય)

. . . . . . . . . . .

# KUTCH MAGNET TECHNOLOGY

કચ્છ જિલ્લાના કંડલા બંદર ખાતે આંતરિક વિસ્તારમાં કન્ટેનર તેમજ માલ પરિવહન માટેની પદ્ધતિને આધુનિક બનાવવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. દીનદયાલ પોર્ટ, તુણા ખાતે કન્ટેનર ટર્મિનલનું નિર્માણ કરતા ડી.પી. વર્લ્ડ અને નેવોમો ગ્રુપ દ્વારા દેશમાં પ્રથમ વખત મેગ્નેટ રેલ ટેક્નોલોજીનો ઉપયોગ માલ પરિવહન કરવા અંગેના કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.

આ પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત 750 મીટરનું માળખું ઊભું કરાશે. બંદર ઈકોસિસ્ટમમાં રેલ આધારિત માલ પરિવહન માટે નેવોમોની મેગરેલ ટેક્નોલોજીનો ઉપયોગ કરાશે. ડી.પી.એ. ચેરમેન સુશીલકુમાર સિંઘ, મધ્ય, પૂર્વ, ઉત્તર અફ્રિકા, ભારત ડી.પી. વર્લ્ડના સી.ઈ.ઓ. અને એમ.ડી. રીઝવાન સુમર, નેવોમો ગ્રુપના પ્રઝેમેક પેઝેક વચ્ચે આ મહત્ત્વપૂર્ણ કરાર ઉપર હસ્તાક્ષર કરાયા હતા.

. . . . . . . . . . .

# DANG- ROAD REPAIR

ડાંગ જિલ્લાના પાડોશી તાપી જિલ્લાની સરહદને અડીને આવેલા વઘઇ-ડુંગરડા-ભેંસકાતરી રોડ પર કોંક્રિટ પેચવર્કની કામગીરી રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે હાથ ધરવામા આવી છે. ડાંગના સર્પાકાર માર્ગો અને પહાડી પ્રદેશમા વાહનચાલકોની સુગમતા માટે રાજ્ય ધોરી માર્ગોનુ સતત નિરીક્ષણ અને ચકાસણી કરી, નાના મોટા મરામત કાર્યો કરાઈ રહ્યા છે.

અમરેલી-બાબરા નેશનલ હાઈવે પર આવેલ નાના માચીયાળા ગામ પાસે આનેલ પુલની સ્થિતિ નબળી હોવાથી અહીંથી પસાર થતા તમામ પ્રકારના ભારે વાહનો માટે વૈકલ્પિક રુટ બન આવ્યો છે. જે મુજબ અમરેલીથી બાબરા તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનોએ અમરેલી બાયપાસ પરથી લાઠી ચોકડી થઇને લાઠી-ચાવંડ રોડ થઈ બાબરા રોડ પરથી પસાર થવાનું રહેશે. જ્યારે બાબરાથી અમરેલી તરફ આવતા તમામ પ્રકારના ભારે વાહનોએ બાબરા-ચાવંડ-લાઠી-અમરેલી રોડ પરથી પસાર થવાનું રહશે.

. . . . . . . . . . .

# SURENDRANAGAR-MINNING

સુરેન્દ્રનગર ખાણ અને ખનીજ વિભાગની ટીમે સાયલા તાલુકાના ચોરવિરા ગામની સીમમાંથી કાર્બોસેલનું મોટા પાયે ગેરકાયદેસર ખનન ઝડપ્યું.

ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરતા, અધિકારીઓએ અંદાજે 55 લાખ રૂપિયાના ખનિજો અને સાધનો જપ્ત કર્યા હતા. નવ સ્થળોએ હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં એક ડમ્પર, છ ટ્રેક્ટર, અને કાર્બોનેસિયસ ખનિજો જપ્ત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . .